આપણું પોતાનું અખબાર

*જિંદગી જેટલી લાંબી તેટલાં દુઃખ વધારે*
**- સેમ્યુઅલ જોન્સન**

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૩૫ | ૧૫ એપ્રિલ ૨૦૧૨, રવિવાર, ચૈત્ર વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# આજે મતદાન + પલ્સ પોલીયો = તંત્ર ખડે પગે

## પંચાયતના બીજા તબક્કાની ચૂંટણી માટે ૬૫ ગામોમાં મતદાન : પલ્સ પોલીયોના બીજા રાઉન્ડમાં ૨ લાખ ૧૦ હજાર બાળકોને રસી પીવડાવાશે

ગાંધીનગર, તા.૧૪

આજે પંચાયતની બીજા તબક્કાની ચૂંટણીનું મતદાન તેમજ પલ્સ પોલિયો અભિયાનનો બીજો તબક્કો હાથ ધરવાનો હોઈ જિલ્લાનું તંત્ર ૧૧૫૦થી પણ વધુ બુથો પર પોતાની ફરજો બજાવશે.

પંચાયતની બીજા તબક્કાની ચૂંટણી માટે ૬૫ ગામોમાં ૨૩૧થી વધુ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. આ બીજા તબક્કાની ચૂંટણીમાં ૧૮ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે અને ૩૦૦ જેટલા વોર્ડ બિનહરીફ થવા પામ્યા છે. આ ચૂંટણીમાં ૮૭૨ જેટલા ઉમેદવારોનું ભાવિ નક્કી થશે.

જિલ્લા તંત્ર એ આ અંગે ૨૩૧ જેટલા મતદાન મથકો નિયત કર્યા છે અને આ મતદાન મથકો પર ચૂંટણી માટે નિમાયેલા કર્મચારીઓ આજે સાંજે પહોંચી ગયા છે.

પંચાયતની આ ચૂંટણી માટે એસ.આર.પી.ની એક કંપની સહિત એક હજાર જેટલા પોલીસ દળ, હોમગાર્ડ અને ગ્રામરક્ષક દળના જવાનો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સંભાળશે. આ ચૂંટણી માટેની મતદાનની પ્રક્રિયા સવારે ૮ વાગે શરૂ થશે. સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન થશે.

આ ચૂંટણીની મતગણતરી મંગળવારે સવારે જે તે તાલુકા મથકે હાથ ધરવામાં આવશે. પહેલીવાર ઈ.વી.એમ.થી પંચાયતની ચૂંટણીમાં મતદાન થવાનું હોવાથી લોકોમાં રાજકીય ઉત્તેજના પણ વધુ છે.

બીજી તરફ આજે પલ્સ પોલિયો અભિયાનના બીજા રાઉન્ડનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાના ૦ થી ૫ વર્ષની આયુ ધરાવતા બે લાખ ૧૦ હજાર બાળકોને આવરી લેવા માટે આરોગ્યતંત્ર એ માઈક્રો પ્લાનીંગ કર્યું છે. આ માટે ૯૦૦ જેટલા બુથો ઉભા કરવામાં આવનાર છે તેમજ ૫૦ જેટલી મોબાઈલ ટીમો બનાવવામાં આવી છે.

આમ જિલ્લામાં આજે એકી સાથે બે મહત્વની કામગીરી અંગે આજે આખે આખું તંત્ર વ્યસ્ત બની જવા પામ્યું છે.

પલ્સ પોલિયો અભિયાન અંગે બનાવાયેલા માઈક્રો પ્લાનીંગની આજે વિશેષ સમીક્ષા કરવામાં આવી હતી. ગરમીના પ્રમાણને ધ્યાને રાખી કોલ્ડ ચેઈન વધુ અસરકારક રાખવા માટે વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.

શહેરી વિસ્તારોમાં તેમજ તેની આસપાસ વિકાસ પામી રહેલ નવા વિસ્તારોની મોટી બાંધકામ સાઈટ પર કામ કરતા મજૂરોના બાળકોને આવરી લેવા માટે વિશેષ ભાર મુકવામાં આવ્યો છે.

જિલ્લામાં આ મહત્વના બંને અભિયાનોને લઈ ૧૧૦૦થી પણ વધુ બુથો પર આખો દિવસ જિલ્લાનું તંત્ર ફરજ માટે તૈનાત રહેનાર છે.



સંકટમાં સહાય અને જીવદયા એ આપણી જૂની સંસ્કૃતિ છે. આપણે ત્યાં ઉનાળામાં ગરમીની શરૂઆત થાય એ પહેલાં જ અનેક લોકો સંસ્થાઓ દ્વારા પાણીની પરબો મંડાવા લાગે છે. એવી જ જીવદયા પશુ-પક્ષીઓ માટે પણ દાખવવામાં આવે છે. પક્ષીઓ માટે પાણીનાં નાનાં વાસણો ઘેર-ઘેર મૂકાતાં હોય એવું આપણે જોઈ શકીએ છીએ. તસવીરમાં પક્ષીઓ માટે નાનકડાં ઘર બનાવવામાં આવ્યા છે એ જોઈ શકાય છે. માનવી જીવમાત્ર માટે કોઈ તફાવત નથી રાખતો એનો આ નમૂનો છે. જેમ પોતે પોતે તૈયાર મકાનમાં રહેવા જાય છે તેમ પક્ષીઓનેય એ જ ઑફર કરે છે ! (તસવીર : દિપક જાની)

# આજથી શહેરમાં વિશેષ સફાઈ ઝૂંબેશ

## વિભાગોને સફાઈ માટે સુયોગ્ય સંકલન સાધી કામગીરી કરવા કમિશનરની કડક તાકીદ : ગેરકાયદે પ્લાસ્ટીકના ઉપયોગ તેમજ ગંદકી કરનારાઓ સામે દંડનાત્મક કાર્યવાહી કરવા પણ તાકીદ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરને સ્વચ્છ બનાવવા માટે આજથી પંદર દિવસ માટે વિશેષ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે. ૧લી મે સુધી ચાલનારા આ વિશેષ સફાઈ અભિયાનમાં વન વિભાગ, માર્ગ મકાન વિભાગ તેમજ કોર્પોરેશનના કર્મચારીઓ વચ્ચે સુયોગ્ય સંકલન જાળવવા માટે પણ તંત્રને કડક તાકીદ મ્યુનિ. કમિશનરશ્રી સી.આર. ખરસાણ દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગર કોર્પોરેશનની ગઈકાલે મળેલ સંકલન સમિતિની બેઠક દરમ્યાન આ વિશેષ સફાઈ ઝુંબેશ અંગે કમિશનરશ્રી ખરસાણે સૂચનાઓ આપી જણાવ્યું હતું કે શહેરના મુખ્ય માર્ગો, સર્કલો તેમજ ફૂટપાથોની સફાઈ અને વન વિસ્તારની સફાઈ ઉપરાંત બગીચાઓની સફાઈ ખાસ કરવામાં આવે તે જરૂરી છે.

તેમણે સેક્ટરોની આંતરિક સફાઈની કામગીરી પણ રાત્રિના સમયે કરવા માટે કોર્પોરેશનના સફાઈ કામદારોને જણાવ્યું હતું.

શહેરને સ્વચ્છ બનાવવા માટે એક વિશેષ અભિયાન રૂપે આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ માટે દરેક વિભાગો વચ્ચે સુયોગ્ય સંકલન જળવાઈ રહે તે પણ જરૂરી છે.

કમિશનરશ્રીએ કચરાપેટીઓ તેના નિયત સમયે ઉપાડી લઈ અને સાફ કરવા પર પણ ભાર મુક્યો હતો. તેમણે આ બાબતમાં નિષ્કાળજી દાખવનાર એજન્સી અને કર્મચારી-અધિકારી સામે દંડનાત્મક કાર્યવાહીની પણ ચિમકી ઉચ્ચારી હતી.

આજે બાબા સાહેબ આંબેડકરના જન્મદિનથી શરૂ થયેલ અને રાજ્યના સ્થાપના દિવસ સુધી ચાલનારી આ વિશેષ સફાઈ ઝુંબેશ દરમ્યાન અખાદ્ય વસ્તુઓનો નાશ કરવા માટે તેમજ ખુલ્લામાં વેચાણ માટે રખાયેલા ખાદ્ય પદાર્થો રાખનારાઓ સામે પગલાં લેવા માટે પણ તેમણે જણાવ્યું હતું.

નગરમાં આડેધડ પ્લાસ્ટીકનો ઉપીયોગ થતો અટકાવવા માટે ખાસ કરીને ૨૦ માઈક્રોનથી પણ નિમ્ન સ્તરના પ્લાસ્ટીકના ઉપીયોગ સામે કડક કાર્યવાહીના પણ કમિશનરશ્રીએ આદેશો આપ્યા હતા.



ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિની ઉજવણી ગાંધીનગરમાં ભારે ધામધૂમથી કરાઈ હતી. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સહિત મંત્રીમંડળના સભ્યો, રાજકીય આગેવાનો અને સામાજિક આગેવાનોએ મોટી સંખ્યામાં બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ડૉ. ભીમરાવ આંબેડકર ભારતીય બંધારણના ઘડવૈયાઓ પૈકીના એક રાષ્ટ્રીય નેતાને સમગ્ર રાષ્ટ્રે આજે ભાવભીની અંજલિ આપી હતી. બાબાસાહેબની સ્મૃતિમાં વ્યાખ્યાનો અને પરિસંવાદોનું પણ આયોજન કરાયું હતું.

# મેડીકલ કૉલેજના ઈન્સ્પેકશન માટે આગામી સપ્તાહે કાઉન્સીલની ટીમ આવવાની સંભાવના

## કોલેજ અને હોસ્પિટલનું સંયુક્ત એનએબીએચ પ્રમાણપત્ર મેળવવા તંત્રએ હાથ ધરેલી કવાયત

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મેડીકલ કોલેજના ઈન્સ્પેકશન માટે આગામી સપ્તાહમાં મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ટીમ આવે તેવી શકયતાઓ વચ્ચે ગાંધીનગર મેડીકલ કોલેજ તેમજ સિવિલ હોસ્પિટલ માટે સંયુક્ત રીતે એન.એ.બી.એચ. પ્રમાણપત્ર મેળવવાનો સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે અને આ માટે જરૂરી કાર્યવાહી કરવા તંત્રને જરૂરી માર્ગદર્શન સાથે સૂચનાઓ પણ આપી છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્યમાં મેડીકલ કોલેજોના અધ્યાપકોની હડતાલને પગલે વિલંબમાં પડેલ મેડીકલ કોલેજના ઈન્સ્પેકશન માટે મેડીકલ કાઉન્સીલની ટીમ આગામી સપ્તાહમાં ગાંધીનગર આવી પહોંચે તેવી શક્યતાઓ છે.

મળતી વિગતો પ્રમાણે વાઘોડિયા તેમજ ભાવનગર મેડીકલ કોલેજની તપાસ માટે કાઉન્સીલની ટીમ પણ આગામી સપ્તાહમાં જ આવી રહી છે ત્યારે ગાંધીનગર અને પાટણ કોલેજ માટેનું ઈન્સ્પેકશન પણ આ સપ્તાહમાં જ થઈ જાય તેવી ભરપુર શક્યતાઓ રહેલી છે. જો કે કોલેજ દ્વારા આ અંગેની તડામાર તૈયારીઓ પણ લગભગ પુરી થઈ ગઈ છે. ટીમ ગમે ત્યારે ઈન્સ્પેક્શન કરી શકે છે વાંધો નહિ આવે તેવું સત્તાવાળાઓનું માનવું છે.

હોસ્પિટલમાં પણ ઈમરજન્સી વોર્ડમાં વિશેષ ડ્રેસીંગ રૂમની વ્યવસ્થા ઉભી કરી દેવામાં આવી છે.

બીજી તરફ રાજ્ય સરકારે પણ ગાંધીનગર મેડીકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલને સંયુક્ત રીતે એન.એ.બી.એચ. પ્રમાણપત્ર મળે તે માટે અલગથી અરજી કરવા જણાવી દેતાં તંત્ર તેની તૈયારીમાં પણ વ્યસ્ત બન્યું છે. જો કે એન.એ.બી.એચ. માટે અરજી દાખલ કરી દેવામાં આવી હોવાનું તંત્રના અંતરંગ સૂત્રોએ જણાવ્યું છે.

મેડીકલ કોલેજની સાથે હોસ્પિટલને જો એન.એ.બી.એચ. પ્રમાણપત્ર મળે તો તે દેશનું પ્રથમ આરોગ્ય સંકુલ બનશે. જેની મેડીકલ કોલેજ અને હોસ્પિટલ બન્ને એન.એ.બી.એચ.થી પ્રમાણિત હોય. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સૌ પ્રથમ સરકારી હોસ્પિટલ આ

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યની ૧૭૨૮ ગ્રામ પંચાયત માટે આજે મતદાન

ગાંધીનગર, તા.૧૪

રાજ્યમાં આવતીકાલે તા.૧૫મી એપ્રિલને રવિવારે ૨૬ જિલ્લાઓની ૧૭૨૮ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાશે. રાજ્યમાં આવતીકાલે ૧૭૨૮ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજવાની છે જેમાં અમદાવાદ જિલ્લાની ૨૨ ગ્રામ પંચાયતો, અમરેલી જિલ્લાની ૫૦ ગ્રામ પંચાયતો, આણંદ-૩૩, કચ્છ-૫૭, ખેડા-૭૩ અને ગાંધીનગર જિલ્લાની-૯૦ ગ્રામ પંચાયતો તેમજ જામનગર જિલ્લાની ૨૬, જુનાગઢ જિલ્લાની-૫૭, નર્મદા જિલ્લાની-૨૩, નવસારી જિલ્લાની-૪, પાટણ જિલ્લાની-૨૫૦ અને મહેસાણા જિલ્લાની-૪૦૫ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે.


તા. ૧૩/૪ થી સવારે ૧૧ વાગ્યાની બેચ (સે.૧૬)
તા. ૨૩/૪થી સાંજે ૫ વાગ્યાની બેચ ગ-૨ સર્કલ
તા. ૨૩/૪ સાંજે ૮ વાગ્યાની (કર્મચારી બેચ) સે.૧૬
ઉપરોક્ત કોઈપણ બેચમાં જોડાઈ કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.
નાણાવટી The Leader...
H.O. : પહેલો માળ, હોટેલ 'સ્ટે-ઇન'ની બાજુમાં, ઘ-૫ નજીક, સે-૧૬.
ફોન : ૨૩૨ ૪૪૬૪૩ Branch : ગ-૨ સર્કલ,
(શાખાના એડમિશન માટે નાણાવટી સ્કૂલ, ગાર્ડન સામે, સે.૬ ખાતે મળવું
બંને તરફ ઓફીસ સમય : સવારે ૮ થી ૧, સાંજે ૪થી ૮
રવિવારે સવારે ૮ થી ૧ H.O.ખુલ્લી રહેશે. સેલફોન નં. : ૬૩૭૫૧ ૬૦૮૪૮

પૂજન ડાન્સ ક્લાસીસ Presents
સમર કેમ્પ – 2012
Show Batches start on 16th April
વેસ્ટર્ન ડાન્સ / ટ્રેડીશનલ રાસ-ગરબા / યોગા
ફોક ડાન્સ / મેરેજ સંગીત સંધ્યા માટે / એરોબીક્સ
Contact us : Pragna Gajjar : M. 99042 51651
"કૃપા" 1110/1, સેક્ટર-2/ડી, ગાંધીનગર-382007

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

DTH. TV રીમોટ મળશે
આપનું LED TV, LCD TV કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી.
ફક્ત ફોન કરો ૧થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૨૩૨૮૭૧૧૫, ૯૪૨૬૪ ૪૨૭૮૫
મોબાઈલ : ૯૭૧૪૧૯૮૩૬૬

शिल्पग्राम • 3
The Township of Today
રેસીડેન્શીયલ પ્લોટસ • ૫૦૦ ચો.વાર અને તેથી વધુ






• કલબ હાઉસ • આકર્ષક મેઇન ગેટ
• સ્વિમીંગ પૂલ, ગાર્ડન • પાકા રોડ
• ચીલ્ડ્રન પાર્ક • ૨૪ કલાક સિક્યોરીટી
• સ્ટ્રીટ લાઇટ્સ • વોટર સપ્લાય
શિવગંગા બિલ્ડર્સ પ્રા.લિ.
PH. 94285 10658, 99090 33710
DESIGN COPPER

Join me in
UNIVERSITY of CAMBRIDGE International Examinations
CAMBRIDGE INTERNATIONAL CENTRE
❖ નર્સરીથી ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહ, કોમર્સ પ્રવાહ (અંગ્રેજી/ગુજરાતી માધ્યમ)
❖ ધોરણ ૧૧/૧૨ માટે એ.સી.ક્લાસરૂમ
❖ કેમ્બ્રીજ યુનિવર્સિટી સાથે સંલગ્ન
❖ હોસ્ટેલની ઉત્તમ સુવિધા - ગર્લ્સ/બોયસ
KNOWLEDGE THAT ENLIGHTENS
GANDHINAGAR International Public School
www.gipschool.com; e-mail - gips.school@yahoo.com
Gandhinagar-Mansa highway, Randheja, Gandhinagar
Phone No : 079 23976821-22-23 Mo : 9925017160
★ સ્કૂલ બ્રોશર અને CD માટે એડ્રેસ SMS કરો.